જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : સંજય મેહરા

વિ. સં. ૨૦૭૪ । શુક્રવાર । તા. ૨૬-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ઉધના-લીંબાયત રેલ ઓવર બ્રીજના નિર્માણ માટે ઉધના-ભેસ્તાન ટ્રેક પર રેલનો બ્લોક

સવારે બે કલાકના બ્લોક બાદ સવારે પણ બે કલાક સુધી રેલવે વ્યવહાર બંધ રહેશે



સુરત

ઉધના-લીંબાયત રેલવે ઓવર બ્રીજ માટે આજે પશ્ચિમ રેલવે દ્વારા સવારે ૧૧.૩૦ થી બપોરે ૧.૩૦ સુધી સુરત-મુંબઈ મુખ્ય લાઈન પર ઉધનાથી ભેસ્તાન વચ્ચે બ્લોક જાહેર કર્યો છે. મનપાના બ્રીજ વિભાગ દ્વારા બે મહાકાય ક્રેનની મદદથી ગર્ડર ચઢાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા લીંબાયત વિસ્તારની વર્ષો જૂની ગરનાળાની સમસયાથી છુટકારો મેળવવા માટે ઉધના-લીંબાયત વચ્ચે રેલવે ફ્લાય ઓવર બ્રીજનું નિર્માણકાર્ય શરૂ કર્યુ છે. ઉધના રોડ નંબર ઝીરોથી શરૂ થતો ફ્લાય ઓવર બ્રીજ લીંબાયતમાં રતનચોક પાસે પૂરો થાય છે. આ બ્રીજ માટે પાલિકા દ્વારા બંને છેડે કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ગરનાળા પાસે મુંબઈ લાઈન અને ભુસાવલ લાઈન ઉપર ગર્ડર મુકવા માટે પાલિકા દ્વારા બ્લોકની માંગણી કરવામાં આવી હતી. લાંબો પત્રવ્યવહાર અને રૂબરૂ સંપર્ક બાદ પશ્ચિમ રેલવે દ્વારા સુરત મુંબઈ મુખ્ય લાઈન પર ઉધના-ભેસ્તાન વચ્ચે આજે ૨૫મી અને કાલે ૨૬મી ઓક્ટોબરે સવારે ૧૧.૩૦ થી બપોરે ૧.૩૦ સુધી સતત બે દિવસ માટે બે કલાકનો બ્લોક જાહેર કર્યો છે. આ સમયગાળા દરમ્યાન પાલિકાએ મુખ્ય લાઈન ઉપર ગર્ડર ચઢાવવાની કામગીરી પૂર્ણ કરવાની રહે ચે. આજે સવારે ૧૧.૩૦ કલાકે બ્લોક જાહેર થતાની સાથે જ પાલિકાએ અગાઉથી પૂર્વ તૈયારીના ભાગરૂપે બે ક્રેન તૈયાર રાખી હતી. જે ગર્ડર મુકવાના છે તેની પસંદગી કરીને સ્ટેન્ડ બાયના મુકવામાં આવ્યા હતા. આજે અને કાલે બે દિવસમાં મુખ્ય લાઈન ઉપર ગર્ડર મુકવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. ત્યારબાદ ભુસાવલ લાઈન ઉપર ગર્ડર મુકવા માટે રેલવે પાસે બ્લોક માંગવામાં આવશે જે સરળતાથી મળી રહે તેમ છે.

બળાત્કારી સાધુના પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરતી પોલીસ

ડભોલી સ્વામીનારાયણ મંદિરના સાધુને કતારગામ પોલીસે કોર્ટમાં રજૂ કર્યો

સુરત

ડભોલી રોડ પર આવેલા સ્વામીનારાયણ મંદિરના સાધુ બાવાએ ૨૦ વર્ષની એક યુવતી પર બળાત્કાર ગુજાર્યો હતો. કતારગામ પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી. ગત બપોરે ૧૨ કલાકે તેની ધરપકડ કર્યા બાદ પોલીસે સાધુ બાવાને કોર્ટમાં રજૂ કરી પાંચ દિસના રિમાંડની માંગણી કરી હતી.

અદાલત સૂત્રોના જણાવ્યા અનુસાર કતારગામ ખાતે રહેતી ૨૦ વર્ષની એક યુવતીની માતાના હાથનું ઓપરેશન કરવાનું હોવાથી તેણીને રૂપિયાની જરૂર હતી. થોડા સમય પહેલાં જ એક કાર્યક્રમમાં આ યુવતીની ઓળખાણ ૨૪ વર્ષીય બોટાદ જિલ્લાના ગઢડા ગામના નિકુંજ ઉર્ફે કરણ સ્વામી બાબુભાઈ સવાણી સાથે થઈ હતી. કિરણ સ્વામી મહારાજ ૨૦૧૨ થી ડભોલીના સ્વામી નારાયણ મંદિરમાં રહેતો હતો. આ સ્વામીએ યુવતીને મદદ કરવાની બાંહેધરી આપી હતી અને એકબીજાના મોબાઈલ ફોન નંબરની આપ લે કરી હતી.

છેલ્લા ૧૫ દિવસમાં સ્વામીએ ૧૫ વખત ફોન યુવતીને કર્યા હતા. આ યુવતીને મંદિરમાં બોલાવી અન્ય સાધુ બાવાઓ ન હતા તેવા સ્થળ પર લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો. ભોગ બનનાર યુવતીએ સાધુબાવા નિકુંજ સ્વામી વિરૂદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવતા પોલીસે તેની ધરપકડ કરી હતી. ગુરૂવારે બપોરે તેને કોર્ટમાં રજૂ કરી પોલીસે રિમાંડની માંગણી પણ કરી હતી. જોકે, પોલીસ આરોપીનું મેડીકલ પમ કરાવી લીધું હોવાનું જણાવ્યું હતું.

માનદરવાજા સ્થિત ટેનામેન્ટનો દાદરનો ભાગ ધરાશાયી

સુરત

માનદરવાજા ટેનામેન્ટમાં જર્જરિત થઈ ગયેલા દાદર પાસેનો ભાગ ધડાકાભેર તૂટી પડયો હતો. જોકે આ ઘટનામાં સદ્નસીબે કોઈને ઈજા થઈ ન હતી. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડના લાશ્કરો સહિત મનપાના અધિકારીઓ ઘટના સ્થળે ધસી ગયા હતા.

પ્રાપ્ત વિગત મુજબ માનદરવાજા સી-૩ ટેનામેન્ટનો બીજા માળ તરફ જવાના દાદર પાસેનો ભાગ તૂટી પડયો હતો. જેને કારણે ટેનામેન્ટ રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ઓળખ માનદરવાજા ટેનામેન્ટ જર્જરિત થઈ ગયું છે. આ ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે ધસી ગયો હતો. અને કાટમાળને ખસેડવાની સાથે જર્જરિત થઈ ગયેલી એક ગેલેરીને પણ તોડી પાડવામાં આવી હતી.

મહિલા વેપારી પાસેથી માલ ખરીદી રૂા.૨.૦૬ લાખની ઠગાઈ

સુરત

સરથાણા યોગીચોકની મહિલા વેપારી પાસેથી માલ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવનાર રાજસ્થાનના વેપારી સામે સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર યોગીચોક સાવન પ્લાઝામાં રહેતાં મધુબાલા પરેશભાઈ ભાલાળાએ આરોપી ગોપાળ અશોક ચાંડક નોખા, રાજસ્થાન વિરૂદ્ધ વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદી પાસેથી રૂા.૨,૦૬,૧૯૫નો માલ ખરીદી ચેકો બાઉન્સ કરાવ્યા હતા. સરથાણા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

નાનપુરાના કોમ્પ્યુટરના વેપારી સાથે રૂા.૧૪.૨૧ લાખની ઠગાઈ

સુરત

નાનપુરા કૈલાશ સ્વીટની બાજુમાં આવેલી એસકે કોમ્પ્યુટરની દુકાનમાંથી કોમ્પ્યુટરના સ્પેરપાર્ટસનો માલ ઉધારમાં ખરીદી પાછળથી નાણાં નહીં ચૂકવી ૧૪.૨૧ લાખનો વિશ્વાસઘાત કરી રાજસ્થાનનો એક આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ અઠવા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રાંદેર રોડ નવયુગ કોલેજની સામે પાશ્વદર્શન કોમ્પ્લેક્ષ ખાતે રહેતાં શ્રેયાંશ કિરીટભાઈ ગાંધીની કોમ્પ્યુટરની એક દુકાન નાનપુરા કૈલાશ સ્વીટની બાજુમાં એસ.કે. કોમ્પ્યુટરની દુકાન આવેલી છે. રાજસ્થાનના જાલોરના વતની અને અડાજણ ગામ ગુજરાત ગેસ સર્કલ ખાતે રહેતાં જશવંતસિંહ પૃથ્વીરાજ સિંહે ૩૧મી ઓગષ્ટના રોજ કોમ્પ્યુટરનો માલ સામાનની ઉધારમાં ખરીદી કરી નાણાં નહીં ચૂકતે કરી રૂા.૧૪.૨૧ લાખનો વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. અઠવા પોલીસે વિશ્વાસઘાતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તેલંગાણાના આર્મીમેન દ્વારા લીંબાયતના ઘરમાં ૧૦ દિવસ સુધી કિશોરી પર બળાત્કાર

પીડિત કિશોરીનો દૂરનો મામા થતા આર્મીમેને દુષ્કર્મ આચરતા પોસ્કો એકટ અન્વયે ગુનો દાખલ કરાયો

સુરત

તેલંગાણાના આર્મીમેને લીંબાયત વિસ્તારની કિશોરી ઉપર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. પીડિતા કિશોરીનો આરોપી આર્મીમેન દૂરનો મામા થાય છે.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ તેલંગાણાના વારંગલ જિલ્લાના કોટ્ટાપલ્લી ગામે રહેતા અને આર્મીમાં નોકરી કરતાં સુરેશ રાજેશ મામીડાલા વિરુદ્ધ બળાત્કારનો ભોગ બનેલી કિશોરીએ આપેલી ફરિયાદ મુજબ આરોપી ફરિયાદી પીડિતાનો દૂરનો મામા થાય છે. અને ૨૦૧૭માં ફરિયાદી સાથે આરોપીની ફોન ઉપર વાતો થતી હતી. ફરિયાદીના નાની બિમાર હોય, ત્યારે આરોપી જોવા માટે ફરિયાદીને ત્યાં આવ્યો હતો. જ્યાં ચાર દિવસ આરોપી રોકાયો હતો તે વખત આરોપીએ ફરિયાદીની એકલતાનો લાભ ઉઠાવી શારીરિક છેડછાડ કરી હતી. ત્યારબાદ ફેબ્રુઆરી-૨૦૧૮માં ફરી વખત આરોપી ફરિયાદી પીડિતાના ઘરે આવ્યો હતો અને વાપી ખાતે કામ હોવાનું જણાવી દસ દિવસ ફરિયાદીના ઘરે રોકો હતો અને ફરિયાદીની મરજી વિરુદ્ધ અવાર નવાર શરીર સંબંધ બાંધી કોઈને કહેશે તો સમાજમાં બદનામ કરવાની ધમકી આપી હતી. લીંબાયત પોલીસે પોસ્કો એકટ અન્વયે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

અમરોલીમાં ધોળે દિવસે મરચાની ભૂકી છાંટી રોકડા રૂા. ૨.૩૩ લાખની લૂંટ

બે બાઈક પર આવેલા ચાર લૂંટારૂઓ ગેસ એજન્સીના રોકડા રૂપિયા લૂંટી ગયા

સુરત

અમરોલી રજવાડી પાર્ટી પ્લોટ પાસે રૂપિયા ૨.૩૭ લાખ રોકડાની લૂંટની ઘટના બની હતી. ચાર અજાણ્યા મોટર સાઈકલ સવારે મરચાની ભૂકી નાખી લૂંટ કરી ગયા હતા.

અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ન્યૂ કોસાડ રોડ અભિષેક ટાઉનશિપમાં રહેતા બિશ્વજીત ચંદીકરણ ચકવર્તી તા. ૨૪/૧૦/૨૦૧૮ના રોજ બપોરે૧૨ વાગે ગેસ એજન્સીના કલેકશનના રૂપિયા ૨,૩૭,૭૦૮ લઈનેરજવાડી પાર્ટી પ્લોટ પાસેથી પસાર થતાં હતાં ત્યારે બે મોટર સાઈકલ ઉપર ધસી આવેલા ચાર અજાણ્યા વ્યકિતએ ફરિયાદી બિશ્વજીતને ઉપર મરચાની ભૂકી નાખી લૂંટ કરી નાસી ગયા હતા. બનાવ અંગે પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. આમ અમરોલીમાં ધોળે દિવસે મરચાની ભૂંકી છાંટી રોકડા રૂા. ૨.૩૩ લાખની લૂંટ ઘટના બન્યાની હોવાની જાણ અમરોલી પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળે છે.

રાંદેર રોડ પર દિવ્યકુંજ સોસાયટીમાં બે માળના મકાનની ગેલેરી તૂટી પડી



સુરત

આજે સવારે રાંદેર રોડ નવયુગ કોલેજ પાસે જૂના જર્જરિત બે માળના મકાનની ગેલેરીનો ભાગ તૂટી પડયો હતો. જે અંગે રાહદારીઓ દ્વારા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ૬ થી ૭ વાગ્યાના સુમારે નવયુગ કોલેજ પાસે વર્ધમાન એપાર્ટમેન્ટ નજીક દિવ્યકુંજ સોસાયટીમાં ગ્રાઉન્ડ ફલોર સાથે બે માળના મકાનની ગેલેરીનો ભાગ તૂટી પડયો હતો.

બંધ અને જર્જરિત મકાનમાં કોઈ રહેતો ન હોવાથી કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ ન હતી. ફાયર વિભાગને મકાન માલિક દ્વારા પણ કોઈ માહિતી અપાઈ નથી. રાહદારીનો ફોન આવતા ફાયરની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી.

વેસુમાં વેપારીના ફલેટમાંથી બે નોકરો રૂા. ૪૦ લાખના ઘરેણાં તફડાવી ગયા

સુરત

વેસુ સ્વીમ પેલેસ એપાર્ટમેન્ટના ફલેટમાંથી નોકર રૂપિયા ૪૦ લાખના દાગીના સહિતની મતા ચોરી કરી ગયો હતો. નોકર સહિત બે જણાં વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેસુ શ્યામ બાબા મંદિર પાસે સ્વીમ પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતા વેપારી વિમલ વિશ્વનાથ બેડીયાએ આરોપી નોકર કમલેશ યાદવ, શંકરભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૪/૧૦/૧૮ના રોજ આરોપીઓએ ફરિયાદીના ફલેટના કબાટમાંથી સોના-હીરા જડીત દાગીના, રોકડા રૂપિયા ૧૫,૦૦૦ મળી કુલ્લે રૂા. ૪૦,૧૫,૦૦૦ની મતા ચોરી કરી નાસી ગયા હતા. પોલીસે તપાસ હાથ ધરી છે. આમ વેસુમાં વેપારીના ફલેટમાંથી બે નોકરો દ્વારા રૂા. ૪૦ લાખના ઘરેણાં તફડાવી ગયા હોવાની ફરિયાદ ખટોદરા પોલીસ મથકે નોંધાવવા પામી છે.

રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં

હુકમનો ભંગ કરનાર સામે કાનૂની પગલા ભરાશે

સુરત

સુરત શહેરના મદદનીશ પોલીસ કમિશનર શ્રી એ.કે.વર્માએ જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ કાયદો અને વ્યવસ્થા બરકરાર રહે તે માટે એક જાહેરનામા અન્વયે જરૂરી હુકમો બહાર પાડયા છે. જે મુજબ રાત્રે ૧૦.૦૦ વાગ્યાથી સવારના ૬:૦૦ વાગ્યા સુધીના સમય દરમિયાન લાઉડ સ્પીકર ઉપયોગ કરી શકાશે નહીં. આ ઉપરાત નિયત કરેલા ધ્વનિ પ્રદુષણ નિયમો અન્વયે ધ્વનિની માત્રાના ધોરણે લાઉડ સ્પીકરોનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાત હોસ્પિટલો, શૈક્ષણિક, સંસ્થાઓ, અદાલતો કે ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવામાં માઈક સીસ્ટમનો ઉપયોગ કરવો નહી. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમી લાગણી દુભાય તેવા ઉચ્ચારણો કે ગાયનો માટે માઈક સીસ્ટમનો ઉપયોગ કરવો નહી. સક્ષમ અધિકારીની પરવાનગી આપેલી હોય તે સિવાય કોઇ પણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી. રસ્તાની ડાબી બાજુ ચાલવા કે ટ્રાફિકને અડચણ થાય તેવા કૃત્યો કરવા નહી. ડી.જે. સીસ્ટમની એમ્બીઅન્ટ એર કવોલીટી સ્ટાન્ડર્ડ હોવી જોઇએ. માઈક સીસ્ટમ વગાડવા માટે નિયત શરતોને આધીન અધિકૃત અધિકારી પાસેથી લેખિત પરવાનગી મેળવી છુટ્ટછાટ લઈ શકાશે. આ જાહેરનામાનો અમલ તા.૨૪/૧૦/૨૦૧૮ થી તા.૨૭/૧૨/૨૦૧૮ સુધી રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

ઉધના ઝોન દ્વારા ચાર સ્થળોએ ગેરકાયદે બાંધકામનું ડીમોલીશન

ડીમોલીશન કરી મિલ્કતદારો પાસે ચાર્જ વસૂલાયો

સુરત

સાઉથ ઝોન ઉધનાના એડી. સીટી ઈજનેર (સી) તથા ઝોનલ ચીફ તથા કાર્યપાલક ઈજનેરની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ ટી.પી. સ્કીમ નં.૬ મજુરા-ખટોદરા, ફા. પ્લોટ નં.૩૮૪, પ્લોટ નં.૨૪૫, બેઠી કોલોની, ગુજરાત હાઉસિંગ બોર્ડ, ખટોદરા સુરત વાળી મિલ્કતના મિલકતદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના બાંધકામ કરેલ હોવાનું જણાઈ આવેલ જેથી સદરહું મિલ્કતદારોને અત્રેથી સ્થળ પર થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલ્કતદારો દ્વારા કરવામાં ન આવતા તા.૨૨-૧૦-૨૦૧૮ થી સદરહું મિલકતમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના કરવામાં આવેલ આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦ મિલ્કતદારો પાસેથી વસૂલ લેવામાં આવેલ છે. ઉપરાંત ટી.પી. સ્કીમ નં.૬ મજુરા-ખટોદરા, ફા. પ્લોટ નં.૩૮૪, પ્લોટ નં.૨૪૫, બેઠી કોલોની, ગુજરાત હાઉસિંગ બોર્ડ, ખટોદરા સુરત વાળી મિલ્કતના મિલ્કતદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના બાંધકામ કરેલ હોવાનું જણાઈ આવેલ જેથી સદરહું મિલ્કતદારોને અત્રેથી સ્થળ પર થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલ્કતદારો દ્વારા કરવામાં ન આવતા તા.૨૨-૧૦-૨૦૧૮ થી સદરહું મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના કરવામાં આવેલ આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. તથા ચમતરની દિવાલો સહિતનું બાંધકામ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦ મિલ્કતદારો પાસેથી વસૂલ લેવામાં આવેલ છે અને મોજે ઉધના, ઉધના ઉદ્યોગનગર સંઘ, પ્લોટ નં.૧૪/૧૭, રોડ નં.૮, ઉધના સુરત વાળી મિલ્કતના મિલ્કતદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના બાંધકામ કરેલ હોવાનું જણાઈ આવેલ જેથી સદરહું મિલ્કતદારોને અત્રેથી સ્થળ પર થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલ્કતદારો દ્વારા કરવામાં ન આવતા તા.૨૨-૧૦-૨૦૧૮ થી સદરહું મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના કરવામાં આવેલ આશરે ૧૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર૫.સી.સી. તથા ચણતરની દિવાલો સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૧૦,૦૦૦ મિલ્કતદારો પાસેથી વસૂલ લેવામાં આવેલ છે. તેમજ ટી.પી. સ્કીમ નં.૫૯ ઉન, ફા. પ્લોટ નં.૧૯૦, પ્લોટ નં.૨૭-૨૮, શ્રીજી નગરી, ઉન સુરત વાળી મિલ્કતના મિલ્કતદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના બાંધકામ કરેલ હોવાનું જણાઈ આવેલ જેથી સદરહું મિલ્કતદારોને અત્રેથી સ્થળ પર થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલ્કતદારો દ્વારા કરવામાં ન આવતા તા.૨૨-૧૦-૨૦૧૮ થી સદરહું મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના કરવામાં આવેલ આશરે ૩૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. તથા ચણતરની દિવાલો સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦,૦૦૦ મિલ્કતદારો પાસેથી વસૂલ લેવામાં આવેલ છે.

શુક્રવારે યુનિ. કન્વેન્શન સેન્ટરમાં એપ્રેન્ટિસશીપ ભરતી મેળો યોજાશે

નોકરી વાંચ્છુ ઉમેદવારો માટે સુવર્ણતક

સુરત

રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી ગાંધીનગર સંચાલિત મદદનીશ નિયામક રોજગારની કચેરી અને મોડેલ કેરિયર સુરત અને તાપી દ્વારા આયોજીત તથા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ, દ.ગુ.યુ.ના સંયુકત ઉપક્રમે આગામી તા.૨૬/૧૦/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ વાગે દ.ગુ.યુનિ.ના કન્વેન્શન સેન્ટર ખાતે મેગા જોબફેર અને એપ્રેન્ટિસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખાનગી ક્ષેત્રની ૭૦ થી વધુ કંપનીઓ હાજર રહેશે. ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતના અસલ પ્રમાણપત્રો તથા બાયોડેટા (ત્રણથી ચાર નકલમાં) ઉપસ્થિત રહેવા મદદનીશ નિયામક (રોજગાર) દ્વારા જણાવાયું છે. હાજર રહેનાર કંપનીઓ અને જગ્યાઓ અંગેની જાણકારી માટે ફેસબુક પેઝ Mccsurat મળી શકશે.

સોની ફળિયામાં સંગીતા એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી વિદેશી દારૂ ઝડપી પડાયો

પાલનપુર જકાતનાકા પાસે ઘરમાંથી દારૂનો જથ્થો પકડાયો

સુરત

સોની ફળિયા અને પાલનપુર જકાતનાકા પાસે પોલીસે દરોડા પાડી ભારતીય બનાવટનો વિદેશી દારૂના જથ્થા સાથે કુલ્લે રૂા. ૧૧.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અઠવા પોલીસે બાતમીના આધારે સોનીફળિયા પાણીની ભીંત સંગીતા એપાર્ટમેન્ટના પાર્કિંગમાં દરોા પાડી બિયર - વ્હીસ્કીનો રૂપિયા ૨૬૦૦૦નો જથ્થો જપ્ત કરી મોબાઈલ ફોન નંગ-૧ કાર મળી કુલ્લે રૂપિયા ૩,૨૭,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે બુટલેગર મનીષ નરેશ રાણાની ધરપકડ કરી હતી. જ્યારે ભેસ્તાનના અઝહરને વોન્ટેડ જાહેર કર્યો હતો.

તેમજ પોલીસ અધિકારી ઝોન-૪ની પોલીસ ટીમે અડાજણના શ્યામ બંગ્લોઝ પાલનપુર જકાતનાકા ઘર નં. ૩૮પાસેથી આરોપી ીચંટુ અરવિંદ મિસ્ત્રી, મકસુદ મુખ્તાર શેખ, નાસીર હુશેન મહંમદ યૂસુફ શેખ, સાહિદ હબીબ સ્કુવાળા મઝહર મુખ્તાર શેખની ધરપકડ કરી રૂપિયા ૧,૮૮,૫૮૦ની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરી ત્રણ કાર, પંચ મોબાઈલ ફોન મળી કુલ્લે રૂા. ૮,૦૦,૪૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો પોલીસે બુટલેગર સોહેલ ઉર્ફે છત્રી ગફુર અંસારીને વોન્ટેડ જાહેર કર્યા હતા.

ઓંડચ પ્રા.શાળા શિક્ષક છોટુભાઈ પટેલની રાષ્ટ્રીય શિક્ષક ભૂષણ એવોર્ડ માટે પસંદગી

તા.૪ નેવે.ના રોજ છોટુભાઈને ''રાષ્ટ્રીય શિક્ષક ભૂષણ એવોર્ડ-૨૦૧૮'' આપવામાં આવશે

સુરત

સુરત જિલ્લાના મહુવા તાલુકાની ઓંડચ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મુખ્ય શિક્ષક શ્રી છોટુભાઈ ખુશાલભાઈ પટેલની રાષ્ટ્રીય શિક્ષક ભૂષણ એવોર્ડ- ૨૦૧૮ માટે પસંદગી થઈ છે. છોટુભાઈને એવોર્ડ માટેની જાહેરતા થતાં ઓંડચ ગામ પરિવાર, મહુવા તાલુકા અને સુરત જિલ્લાના શિક્ષકો- સમાજ તેમજ શિક્ષણજગતમાં ગૌરવ અને આનંદની લાગણી છવાઈ છે. વૈજ્ઞાનિક અભિગમથી નવા નવા પ્રોજેક્ટો બનાવનાર છોટુભાઈએ વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શનમાં છેલ્લા ૧૮ વર્ષમાં ૧૫ વાર રાજ્ય કક્ષાએ અને બે વખત રાષ્ટ્રીયકક્ષાએ પ્રતિનિધિત્વ કર્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભાષા અને ગણિત વિષયના પ્રારંભિક શિક્ષણ વિશે સતત ચિંતન કરી સમસ્યાઓનો ઉકેલ શોધી વાંચન લેખન, ગણન માટે વિવિધ ટી.એલ.એમ. જાતે બનાવી તેનો ઉપયોગ કરી દરેક બાળક પ્રવૃતિ દ્વારા, ઉત્સાહથી, રસ પૂર્વક રમતાં રમતાં પાયાનું શિક્ષણ મેળવી શકે તેવા અનેક નવા શૈક્ષણિક સંશોધનો કર્યા છે. જેના ઉત્સાહવર્ધક પરિણામો મળ્યા છે. તેમના સમગ્ર શૈક્ષણિક કાર્યકાળ દરમ્યાન વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ રાખી ટેક્નોલોજીના સમુચિત ઉપયોગથી શિક્ષણકાર્યને ધ્યાને લઇ આ એવોર્ડ માટે પસંદગી કરાઈ છે. તેમને વર્ષ ૨૦૧૧માં ઓલ ઇન્ડિયા બેસ્ટ ટીચર એવોર્ડ અને ૨૦૧૪ માં સંત શ્રી મોરારીબાપુના હસ્તે ચિત્રકૂટ એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. શ્રી છોટુભાઈ પટેલને આગામી તા.૦૪/૧૧/૨૦૧૮ ના રોજ કોલ્હાપુર (મહારાષ્ટ્ર) ખાતે ''રાષ્ટ્રીય શિક્ષક ભૂષણ એવોર્ડ ૨૦૧૮× આપવામાં આવશે. ત્યારે સૌ કોઈ આનંદ વ્યક્ત કરી શુભેચ્છા સહ અભિનંદન પાઠવી રહ્યા છે.



ઉમરવાડા બંબાગેટ પાસેના જર્જરિત ટેનામેન્ટનો દાદરનો હિસ્સો એકાએક ધરાશાયી થતા સ્થાનિક લોકોમાં ભયની લાગણી વ્યાપી જવા પામી હતી. તૂટી પડેલો દાદરનો ભાગ તસવીરમાં નજરે પડે છે.

આધેડ વ્યક્તિએ પેમ્પલેટ છપાવી જાહેર બદનામી કરતા મારામારી

સુરત

મહુવા તાલુકાના ખરવન ગામના કાંદાવાડી ફળીયા ખાતે તમે પેમ્પલેટ છપાવી મારી બદનામી કેમ કરો છો ? તેમ જણાવી છ ઈસમોએ એક આધેડને ઢોર માર મારી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે રાયોટિંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહુવા તાલુકાના ખરવણ ગામના કાંદાવાડી ફળીયા ખાતે જયંતીભાઈ ભગુભાઈ બ્રાહ્મણીયા રહે છે. ગતરોજ આરોપી મહેન્દ્ર જોષી, હીના જોષી, સંદીપ પટેલ, ધર્મેશ પટેલ, શૈલેષ પટેલ તથા ધર્મેશ ગણપત પટેલ વગેરેઓએ તેમની પાસે આવ્યા હતા. જેમાં મહેન્દ્ર પટેલે આધેડ જયંતીભાઈને તમે પેમ્પલેટ છપાવી મારી સમાજમાં બદનામી કેમ કરો છો ? તેમ જણાવી છ ઈસમોએ ઢીક મુક્કીનો માર મારી શરીરની પાંસળીઓ તોડી નાંખી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત આધેડને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેમણે મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાયોટિંગનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

સુરત મહાનગરપાલિકાની જાહેર સ્પષ્ટતા

ચાર કલાકના સફાઈ કામદારોની કાયમી ભરતી અંગે કોર્ટનો હુકમ માન્ય ગણાશે

કામદારોના આશ્રિતોને નોકરી આપવાની નીતિનો હાલ અમલ કરવામાં આવી રહ્યાં છે

સુરત

સુરત મહાનગર પાલિકામાં સફાઈ કામદારના પ્રશ્નો તથા સફાઈ કામદારની નવી નિમણૂંકો રોકવા બાબતે પ્રમુખ વાલ્મિકી સેના ગુજરાત, જશદણ દ્વારા સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તેમજ ચેરમેન, સટેન્ડિંગ કમિટિને સંબોધીને આવેદનપત્ર આપવામાં આવેલ છે. તેમજ મજકુર બાબતે યુ ટ્યુબ એટલે કે ડીજીટલ મીડિયા ઉપર પણ આ બાબતને પ્રસિદ્ધિ આપેલ છે. જે બાબતે જાહેર જનતા જોગ અખબારી યાદી પ્રસિદ્ધ કરવામાં આવે છે. વાલ્મિકી સેના ગુજરાત દ્વારા સુરત મહાનગરપાલિકાને આપવામાં આવેલ આવેદનમાં નવી સફાઈ કામદારની નિમણૂંક રોકવા, હાલમાં ૪ કલાક સફાઈ કામ કરતા સફાઈ કામદારોને ફુલ ટાઈમ કરી કાયમી કરવા, કોન્ટ્રાક્ટ પ્રથા નાબુદ કરી સફાઈ કામદારની સીધી ભરતી કરવા, રોજમદારોને સમયસર કાયમ કરવા, સીનીયોરીટી મુજબ ભરતી કરવા સારૂ, રહેમરાહે નોકરી આપવા બાબતે શેતલ એસ. ભગતને થયેલ અન્યાય બદલ યોગ્ય ન્યાય આપી ઠરાવ કરવા, સ્વૈચ્છીક નિવૃત્તિના ઠરાવ બાબતે વિસંગતતા દુર કરીને યોગ્ય કરી કર્મચારીના આશ્રિતોને લાભ મળે તેવો ઠરાવ કરવા બાબતે તેમજ આવનાર સમયમાં તેઓના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ફરજ પડશે તથા તા.૨૬-૧૦-૨૦૧૮ના રોજ ધરણાંનો કાર્યક્રમ આપવામાં આવશે તે મુજબના આવેદનપત્ર સંદર્ભે આથી જાહેર જનતા તથા લાગતા વળગતા સૌ નાગરિકોને જાણ કરવાની કે સુરત મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામદાર વગેરે વર્ગ-૪ની ખાલી જગ્યાઓ ભરવા બાબતે પ્રસિદ્ધ કરાયેલ જાહેરાત સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતે સ્પે. સિવિલ એપ્લિકેશન નં.૧૪૫૩૭/૨૦૧૭ તથા ૧૪૬૮૭/૨૦૧૭ ખાતે ન્યાય નિર્ણય અર્થે હાલ પડતર છે. જે બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા જે કોઈ આદેશ મળે તે મુજબ સુરત મહાનગરપાલિકા તરફે અમલ કરવાનો રહે. વધુમાં હાલમાં ૪ કલાક સફાઈ કામ કરતા તેમજ રોજમદારને સમયસર કાયમી કરવા તથા સીનીયોરિટી મુજબ ભરતી કરવા બાબતની વાલ્મિકી સેનાની માંગણી સંદર્ભે જણાવવાનું કે આ બાબતે સુરત મહાનગરપાલિકાના જુદા જુદા નિયમો દ્વારા સુરત મહાનગરપાલિકા સામે સુરતની નામદાર ઔદ્યોગિક અદાલતમાં જુદા જુદા રેફરન્સ એટલે કે કેસો દાખલ કરવામાં આવેલ છે. જે ન્યાય નિર્ણય અર્થે હાલ પડતર છે. વધુમાં આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતે સ્પે. સિવિલ એપ્લીકેશન નં.૮૩૬૦/૨૦૧૭ તથા ૧૨૨૨/૨૦૧૭ની મેટરો પણ હાલ ન્યાય નિર્ણય અર્થે હાલ પડતર હોય એટલે કે આ તમામ મેટરો સબજ્યુડીશ હોય તે સંજોગોમાં આ મેટરોમાં જુદી જુદી કોર્ટો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આખરી આદેશો ન થાય ત્યાં સુધી સુરત મહાનગરપાલિકા તરફે કોઈ નિર્ણય હાલ તુરત લઈ શકાય તેમ નથી.

અડાજણ પંકજનગરની બાજુમાં રીઝર્વ પ્લોટ પર ગેરકાયદે બાંધકામ તોડાયું

સ્થાનિક લોકોના વિરોધ વચ્ચે કંપાઉન્ડ વોલ તોડી પડાઈ

સુરત

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન રાંદેર દ્વારા તા.૨૪-૧૦-૨૦૧૮ના રોજ પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૧૩ અડાજણમાં પંકજ નગરને લાગુ સુરત મહાનગરપાલિકાને સ્ટાફ ક્વાટર્સના હેતુ માટે રીઝર્વેશન પ્લોટ ફા. પ્લોટ નં.૨૩૮ ફાળવાયેલ છે. લાગુ પંકજ નગર સોસાયટીના સભ્યો દ્વારા સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની પરવાનગી કે મંજૂરી વિના ગેરકાયદેસર રીતે રીઝવર્ડ પ્લોટની ફરતે સિમેન્ટના બ્લોક તથા થાંભલાના બાંધકામ વાળી કંપાઉન્ડ વોલ બનાવવાનું શરૂ કરેલ છે. ગતરોજ પશ્ચિમ ઝોન રાંદેરના શહેર વિકાસના તથા દબાણ ખાતાના સ્ટાફ દ્વારા સદર કંપાઉન્ડ વોલનું બાંધકામ દૂર કરવાનું શરૂ કરાતાં પંકજ નગર સોસાયટીના રહેવાસીઓ દ્વારા ઉગ્ર વાદ વિવાદ કરી અડચણ ઉભી કરવામાં આવેલ. પરંતુ સમજાવટ દ્વારા સુરત મહાનગરપાલિકાના ચીફ સિક્યોરિટી ઓફિસની હાજરી તથા સિક્યોરિટી સ્ટાફની મદદથી સદર સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની મંજૂરી વિના ગેરકાયદેસર રીતે રીઝર્વ પ્લોટની ફરતે કરવામાં આવેલ આશરે ૬'૦૦ ફંચાઈની ૩૭૫.૦૦ રનિંગ ફુટ કંપાઉન્ડ વોલનું ડીમોલીશન કરી આશરે ૧૫૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ અને સદર કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.



નવી સિવિલ હોસ્પિટલમાં આજથી કેસ કઢાવવા માટે ટોકન સીસ્ટમનો અમલ થતા લાંબી લાંબી લાઈનમાં ઉભા રહેવામાંથી દર્દીઓને ભારે રાહત થઈ છે. ટોકન સિસ્ટમ અમલી થતા કેસ પેપર બારી પરથી લાઈનો અદૃશ્યથી ગઈ હોવાનું તસ્વીરમાં નજરે પડે છે.

ભાજપ સરકારને પોતાના કૌભાંડને લીધે ઊંઘ આવતી નથી: ખડગે



નવી દિલ્હીઃ

સીબીઆઈ વિવાદ આગ જેમ પ્રસરી રહ્યો છે અને કોંગ્રેસે ભાજપ અને કેન્દ્રની મોદી સરકાર પર હુમલા તેજ કર્યા છે. લોકસભામાં કોંગ્રેસ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે એ મોદી સરકાર પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, કેન્દ્રની ભાજપ સરકારને પોતાના ઘોટાળાના લીધે ઊંઘ આવતી નથી.

દિલ્હીમાં મીડિયા સાથેની વાતચીતમાં ખડગે જણાવ્યું કે, એક એવી કમિટી, જેના અધ્યક્ષ વડાપ્રધાન પોતે છે અને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને નેતા વિપક્ષ(ખડગે) એના સભ્ય છે. આ કમિટીએ સીબીઆઈ ચીફની નિયુક્તિ કરી છે, પરંતુ સરકારે એમને (સીબીઆઈ ચીફ)ને હટાવતી વખતે કમિટીને પુછ્યું પણ નથી. સરકારે સીબીઆઈ ડાયરેક્ટરનો મામલો કમિટી સમક્ષ લાવવો જોઈતો હતો. સીવીસી પર ભારે દબાણ છે. સરકારે આ કેસમાં પોતાની મરજી ચલાવી છે. સરકારને પોતાના ઘોટાળાના કારણે ઊંઘ આવતી નથી. સરકારે રાતમાં જ સીબીઆઈનો ખેલ કરી દીધો. સરકારને ગુસ્સો આવ્યો કે સીબીઆઈ ચીફ રાફેલ ઘોટાળાની ફરિયાદ કરવા આવેલા લોકોને કેમ મળ્યા. આલોક વર્માએ અરુણ શૌરી, પ્રશાંત ભૂષણનું મેમોરેન્ડમ સરકારને પૂછ્યા વિના કેમ સ્વીકાર્યું. હવે વર્માએ એનું પરિણામ ભોગવવું પડી રહ્યું છે. તેમણે સીબીઆઈ પ્રકરણને લઈને વડાપ્રધાનને પત્ર લખ્યો હતો.

મીડિયા સાથેની વાતચીતમાં ખડગે સાથે ઉપસ્થિત રહેલા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, સરકારે હવે પોતાની તપાસ એજન્સીની જાસૂસી શરુ કરી દીધી છે. સવારે આઈબીના ચાર વ્યક્તિ વડાપ્રધાનના નિર્દેશ પર વર્માના ઘરની બહાર જાસૂસ કરતા પકડાયા છે. રાતમાં સરકારને અંતરિમ સીબીઆઈ ડાયરેક્ટર નાગેશ્વર રાવ મળ્યા, એ શંકાસ્પદ છે અને વીજીએન ડેવેલ ઘોટાળો સૌની સામે છે. કોંગ્રેસે નાગેશ્વર રાવને ભ્રષ્ટ કહ્યાં છે.





ડેડીયાપાડાના ઘાટોલી ગામે સરદાર એકતા યાત્રા પ્રવેશતા ગ્રામવાસીઓ અને મનસુખ વસાવા વચ્ચે ઘર્ષણ

ડેડીયાપાડા પોલીસે વચ્ચે મધ્યસ્થી કરી ત્યારે એકતા યાત્રા લઈ સાંસદ મનસુખ વસાવા ઘાટોલી ગામમાં પ્રવેશ્યા.

સાંસદ મનસુખ વસાવા ડેડીયાપાડામાં સરદાર પટેલ એકતા યાત્રાની આગેવાની કરતા હતા,મનસુખ વસાવાની હાજરીમાં લોકોએ મોદી હાય હાય ના નારા લગાવી કાળા વાવટા ફરકાવ્યા

રાજપીપળાઃવિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી હાલ બનીને તૈયાર છે.નર્મદા જિલ્લામાં આગામી તા.૩૧ મી ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ કેવડીયા કોલોની ખાતે દેશના વડાપ્રધાનના હસ્તે વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની "સ્ટેચ્યુ ઓફ યુનિટી" પ્રતિમાનું લોકાર્પણ થનાર છે.આ લોકાર્પણમાં લોકચેતનાની શક્તિને જોડવા માટે નર્મદા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં એકતા રથયાત્રાનો પ્રારંભ થયો છે.આ સરદાર પટેલ એકતા યાત્રા ગુરુવારે ડેડીયાપાડાના ઘાટોલી ગામે પહોંચતા યાત્રામાં હાજર આગેવાનોને કડવો અનુભવ થયો હતો.ઘાટોલી ગામમાં પ્રવેશ દ્વારે જ લોકોએ એકતા યાત્રાને અટકાવી મોદી હાય હાય ના સૂત્રોચ્ચાર કરી કાળા વાવટા ફરકાવી વિરોધ નોંધાવ્યો હતો.

૩૧મી ઓક્ટોબરે પીએમ મોદી કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરવાના છે.જેથી હાલ નર્મદા જિલ્લા સહિત ગુજરાત ભરમાં સરદાર પટેલ એકતા યાત્રાનો પ્રારંભ કરાયો છે.હવે નર્મદા જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં લગાવેલા બેનરો ફાડી ાખવાની ઘટનાઓ ી રહી છે.એક તરફ આદિવાસીઓ પોતાની વિવિધ માંગણીઓ મુદ્દે ૩૧મી ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ નહિ થવા દેવાની ચીમકી પણ ઉચ્ચારી છે.તો ખાસ કરીને જિલ્લાના આદિવાસી વિસ્તારમાં એકતા યાત્રા દરમિયાન કાંઈક અજુગતું ન થાય એ માટે ભરૂચ સાંસદ મનસુખ વસાવા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ગુરુવારે ડેડીયાપાડા વિસ્તારમાં સરદાર પટેલ એકતા યાત્રાની આગેવાની કરી રહ્યા હતા.દરમિયાન એકતા યાત્રા જેવી ડેડીયાપાડાના ઘાટોલી ગામે પહોંચી ત્યારે પ્રવેશ દ્વારે જ લોકોએ કાળા વાવટા ફરકાવી મનસુખ વસાવાની ઉપસ્થિતિમાં મોદી હાય હાય ના ઉગ્ર સ્વરૂપે સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો.હવે વાતાવરણ વધુ ન બગડે એ માટે મનસુખ વસાવા પોતે ગાડી માંથી ઉતરી લોકોને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો પણ એ સમજાવટ દરમિયાન વિરોધ કરનારાઓ અને મનસુખ વસાવા વચ્ચે થોડું ઘર્ષણ થયું હતું.બીજી બાજુ પોલીસ કર્મીઓ દ્વારા પણ વિરોધ કરનારાઓને સમજાવવાના છેલ્લી કક્ષાના પ્રયત્નો કરાયા હતા તો એમની વચ્ચે પણ થોડું ઘર્ષણ થયું હતું.પોલીસની લાખ સમજાવટ છતાં વિરોધ કરનારા લોકો ટ્સ ના મસ થયા ન હતા.અંતે તેઓ સમજી જતા સાંસદ મનસુખ વસાવા એકતા યાત્રા લઈને ઘાટોલી ગામમાં પ્રવેશ્યા હતા.

વાલિયા પોલીસે ૪ લાખ ઉપરાંતના વિદેશી દારૂના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા

વાલિયા પોલીસે બાતમીના આધારે વિઠ્ઠલગામ ખાતેથી લાખો રૂપિયાના વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પડ્યા છે.

બનાવની મળતી માહિતી મુજબ ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના અને માર્ગદર્શન હેઠળ વાલિયા પોલિસ મથકના પીઆઈ ઝેડ.એન.ઘાસુર તથા સ્ટાફના માણસોને મળેલ બાતમીના આધારે વાલિયા તાલુકાના વિઠ્ઠલગામે રહેતા અને દારૂની પ્રવૃત્તિ કરતા પ્રદીપ કનું વસાવા અને સુનિલ શાંતિલાલ વસાવાએ પોતાની ઈકો ગાડી નંબર જીજે-૧૬-બીએન-૫૯૨૫ માં વિદેશી દારૂ તથા બિયરના ટીનના બોક્સ ૨૨ જેના કુલ નંગ-૮૪૦ કિંમત રૂપિયા ૮૪,૦૦૦ તથા ઈકો ગાડીની કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦ મળીને કુલ કિંમત ૪,૮૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.જ્યારે ગાડીનો ચાલાક અને એક અન્ય ઈસમ અંધારાનો લાભ લઈને નાસી જતા પોલિસે તેમને ઝડપી પડવાના ચક્રોગતિમાન કર્યા છે.

કોંગ્રેસી મહિલાઓ ભાજપ વિરુદ્ધ લડવા તૈયાર રહેઃ રાહુલ ગાંધી

રાજસ્થાનઃ

રાજસ્થાનનાં રણમાં રાહુલ ગાંધીએ રાજકીય હુંકાર કર્યો છે. ગુરૂવારે રાજસ્થાન પ્રવાસ પર ગયેલા રાહુલ ગાંધીએ મહિલા કોંગ્રેસને સંબોધિત કરી. રાજસ્થાનનાં કોટામાં મહિલા કોંગ્રેસનાં એક કાર્યક્રમમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યુ, 'ઉત્તર પ્રદેશનાં એક ધારાસભ્યએ એક મહિલા પર બળાત્કાર ગુજાર્યો છે, તેમ છતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી મૌન છે. ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી આદિત્યનાથ યોગી પણ એક પણ શબ્દ નથી બોલી રહ્યા... વડાપ્રધાને મહિલાઓ માટે ઘણા બધા સારા સારા નારાઓ લગાવ્યા, પરંતુ જ્યારે કંઈક કરી બતાવવાનો સમય આવ્યો ત્યારે તેઓ કંઈ પણ નથી કરી રહ્યાં.'

રાહુલ ગાંધીએ કહ્યું કે, મહિલા કોંગ્રેસ આપણા કરતા આગળ નિકળી ગઈ છે. મહિલા કોંગ્રેસ રસ્તાઓ પર, શહેરોમાં, ગામડાઓમાં દરેક જગ્યાએ જોવા મળી રહી છે. મારુ કામ વકીલાત કરવાનું નથી તેમ છતા પણ હું તમને ઑફર આપુ છુ કે હું તમારો વકીલ બની શકુ છુ. હું તમારી વાત દુનિયા સમક્ષ રજૂ કરી શકુ છું. પરંતુ જ્યારે ભાજપ વિરુદ્ધ લડવાની વાત આવે છે ત્યારે કોઈ કોંગ્રેસી મહિલા જોવા નથી મળતી.'

રાહુલ ગાંધીએ કોંગ્રેસી મહિલાઓને કહ્યું કે, તમે લોકો મને વચન આપો કે, તમે ભાજપ વિરુદ્ધ લડવા માટે કોઈ પણ સંજોગોમાં અને દરેક રીતે તૈયાર રહેશો. રાહુલ ગાંધીએ કહ્યું કે, દુનિયાભરમાં પેટ્રોલનાં ભાવો ઘટી રહ્યા છે જ્યારે ભારતમાં ભાવ વધી રહ્યા છે. પહેલા ગેસ સિલિન્ડરનો ભાવ ચારસો રૂપિયા હતો જ્યારે અત્યારે વધીને નવસો રૂપિયા થઈ ગયો છે. તેથી હુંતમને વિનંતી કરુ છુ કે તમે અન્ય રાજ્યોમાં પણ જાઓ અને કોંગ્રેસ પાર્ટીને જ વિજયી બનાવવામાં ફાળો આપો.

ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સને આદેશ કરાયો

૮૨૭ પોર્ન સાઈટ બંધ કરવા માટેનો જારી કરાયેલો આદેશ

નવી દિલ્હી

ઉત્તરાખંડ હાઈકોર્ટના આદેશ બાદ સરકારે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સને અશ્લીલ સામગ્રી દર્શાવી રહેલી ૮૨૭ વેબસાઈટને બંધ કરવા માટે આદેશ જારી કરી દીધો છે. સત્તાવાર સુત્રોએ કહ્યુ છે કે કોર્ટ દ્વારા લાલ આંખ કરવામાં આવ્યા બાદ હવે કાર્યવાહી કરવામાં આવી રહી છે. દુરસંચાર વિભાગે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સને આ પોર્ન સાઈટ બંધ કરવા માટે આદેશ જારી કરી દીધો છે. કોર્ટે તાજેતરમાં જ અશ્લીલલા ફેલાવી રહેલી કુલ ૮૫૭ વેબસાઈટ બંધ કરવા માટેનો આદેશ જારી કર્યો હતો. અલબત્ત ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મિનિસ્ટ્રી દ્વારા ૮૨૭ વેબસાઈટને બંધ કરવા માટે આદેશ કર્યો છે. જેથ આગામી દિવસોમાં પોર્ન સાઈટ દર્શાવી રહેલા સર્વિસ પ્રોવાઈડર્સ પર પણ તવાઈ આવી શકે છે. તપાસ કરવામાં આવ્યા બાદ ૮૫૭ વેબસાઈટ પૈકી ૩૦ પર અશ્લીલ સામગ્રી ઉપલબ્ધ નહીં કરાવવાની વાત કરવામાં આવી છે. તપાસમાં જાણવા મળ્યુ છે કે ૩૦ સાઈટ પર અશ્લીલ સામગ્રી નથી. જેથી તે વેબસાઈટ બચી ગઈ છે. સુત્રોએ કહ્યુ છે કે મંત્રાલય દ્વારા દુરસંચાર વિભાગને ૮૨૭ વેબસાઈટ બંધ કરવા માટે સુચના આપવામાં આવી છે. આ તમામ વેબસાઈટની યાદીમાં તેમના નામ પણ આપવામાં આવ્યા છે. દુરસંચાર વિભાગે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સને આદેશ જારી કરીને કહ્યુ છે કે તમામ લાયસન્સ ધરાવનાર ઈન્ટરનેટ સેવા આપનારને કોર્ટના આદેશને માનીને આગળ વધવુ પડશે. હાઈકોર્ટ દ્વારા તમામ આદેશ પાળીને મંત્રાલયના દિશા નિર્દેશનો પાળવા માટે કહેવામાં આવ્યુ છે. મંત્રાલયના આદેશ મુજબ ૮૨૭ પોર્ન સાઈટ સામે તરત કાર્યવાહી કરવા માટે કહેવામાં આવ્યુ છે. હાકોર્ટે ૨૭મી સપ્ટેમ્બર ૨૦૧૮ના દિવસો આ તમામ વેબસાઈટને બંધ કરવા માટેનો આદેશ જારી કર્યો હતો. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેકનોલોજી મિનિસ્ટ્રીને આઠમી ઓક્ટોબરના દિવસે આ આદેશ મળ્યો હતો. મંત્રાલય દ્વારા દુરસંચાર વિભાગને સુચના આપવામાં આવી છે કે શક્ય તેટલી વહેલી તકે કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. દુરસંચાર વિભાગના ૩૧મી જુલાઈ ૨૦૧૫ની જુની નોટીસના આધાર પર હાઈકોર્ટે ૮૫૭ વેબસાઈટને બંધ કરવા માટે આદેશ આપ્યો છે. દુરસંચાર વિભાગે ચોથી ઓગષ્ટ ૨૦૧૫ના દિવસે પોતાના આદેશમાં ફેરફાર કર્યા હતા. પોર્ન સાઈટના દુષણને લઈને વારંવાર આદેશ જારી કરવામાં આવે છે પરંતુ તેને લઈને કોઈ નક્કર કાર્યવાહ કરવામાં આવતી નથી. આના કારણે આ દુષણને રોકવામાં સફળતા મળી રહી નથી.દુરસંચાર વિભાગે ફરી એકવાર લાલ આંખ કર્યા બાદ હવે કાર્યવાહી કરવામાં આવનાર છે.

માતાનુ દૂધ બાળકો માટે સૌથી લાભકારક હોય છે

માતાનું દૂધ પીનાર બાળકોને બાળપણમાં નિમોનિયા જેવી બિમારી થવાની પણ ટળી જાય છે :સંશોધનમાં દાવો થયો

અમદાવાદ

માંના દૂધના ફાયદાથી દરેક વ્યક્તિ પરિચીત છે. તેમ છતાં મહિલાઓ બાળકોને પોતાનું દૂધ આપવાની જગ્યાએ, બજારનું પાવડરવાળુ દૂધ આપે છે. માતાના દૂધના અન્ય ફાયદાઓ બતાવતા સંયુક્ત રાષ્ટ્ર બાળ કોષ (યુનીસેફ)ના પોષણ પ્રમુખ વર્નર સ્કુલિંટકે જણાવ્યું કે, બાળકોને માતાનું દૂધ આપવાથી તેને જીવનભર લાભ મળે છે. આવા બાળકોમાં બિમારીઓથી બચવાની ક્ષમતા વધુ હોય છે. સાથે જ, બાળકોમાં મગજ પણ વધુ હોય છે. તેમણે જણાવ્યું કે, માતાનું દૂધ (સ્તનપાન)બાળકો માટે સૌથી સારામાં સારુ ભોજન છે. આમાં કાર્બોહાઈડ્રેટ, વસા, પ્રોટીન જેવા તત્વ સારી માત્રામાં ઉપલબ્ધ હોય છે. આ સાથે જ તેમણે જણાવ્યું કે, માતાનું દૂધ પીનાર બાળકોને બાળપણમાં નિમોનિયા જેવી બિમારી થવાની સંભાવના નથી હોતી. મોટા થયા બાદ પણ તેમનામાં મેદસ્વીતા અથવા ડાયાબિટીસ જેવી બિમારીઓનો ખતરો ઓછો હોય છે. સૌથી મોટી વાત એ છે કે, માતાનું દૂધ પીતા બાળકોની માનસિક ક્ષમતા અન્ય પ્રકારના બાળકોથી સારી હોય છે. તેમણે જણાવ્યું કે, બાળકોને માતાનું દૂધ પીવડાવવાનો ફાયદો બાળકોની સાથે-સાથે માતાને પણ થાય છે. બાળકોને પોતાનું દૂધ આપનારી મહિલાઓમાં સ્તન કેન્સરનો ખતરો ઘટી જાય છે. સ્તનપાનના આવા તથા અન્ય કેટલાક લાભોની જાણકારી સંશોધન પત્રિકા ધ લેંસેટમાં પ્રકાશિત કરવામાં આવી છે.

હેનરી ફોર્ડ હેલ્થ સિસ્ટમના અભ્યાસનું તારણ

સક્રિય રહેતા લોકો પચાવી શકે છે હાર્ટએટેકનો પહેલો હુમલો

નિયમિત કસરત કરતા અને સક્રિય જીવનશૈલી ધરાવતા લોકો અન્યની સરખામણીમાં વધુ સક્ષમ હોય છે : રિપોર્ટ

વોશિંગ્ટન

સામાન્ય રીતે એ સર્વ વિદીત છે કે,કસરત અને યોગ કરનાર લોકોનું સ્વાસ્થ્ય અન્ય લોકોની તુલનામાં અનેક ઘણુ વધુ સારું રહેતું હોય છે. જોકે, તાજેતરમાં કરવામાં આવેલ સંશોધનમાં જાણવા મળ્યું છે કે, નિયમિત કસરત કરનાર અને કામકાજમાં સક્રિય રહેતા લોકો હાર્ટએટેકના હુમલાને સરળતાથી પચાવવાની ક્ષમતા ધરાવતા હોય છે. આવા લોકોની સરખામણીમાં આળસુ લાઈફ સ્ટાઈલ ધરાવતા લોકોને હાર્ટએટેકના હુમલામાં મૃત્યુની સંભાવના વધારે હોય છે. અમેરિકાના ડેટ્રાઈટ સ્થિત હેનરી ફોર્ડ હેલ્થ સિસ્ટમ દ્વારા કરવામાં આવેલ સંશોધનમાં આ બાબત સામે આવી છે. આ અંગે સંશોધનકર્તા ક્લિન્ટન બ્રોનરે જણાવ્યું હતું કે, નિયમિત કસરત કરનાર અને સક્રિય લાઈફ સ્ટાઈલ ધરાવતા લોકો હાર્ટએટેકના પહેલા હુમલાને સરળતાથી પચાવી શકતા હોય છે. તેમણે પોતાના અભ્યાસમાં હાર્ટના ડોક્ટરો પાસે આવતા વિવિધ દર્દીઓનો વરસો સુધી અભ્યાસ કર્યા બાદ આ તારણ કાઢ્યું છે. તેમણે આવા દર્દીઓને હાર્ટએટેકના હુમલામાંથી બચવા માટે નિયમિત કસરત કરવાની સલાહ પણ આપી હતી. તેમના સંશોધનમાં સામે આવ્યું છે કે, જે દર્દીઓએ તેમની સલાહ માનીને નિયમિત કસરત કરવાની અને સક્રિય લાઈફ સ્ટાઈલ અપનાવવાની શરૂઆત કરી હતી, તેમને હાર્ટએટેકની સ્થિતિમાં મૃત્યુની સંભાવના ખૂબ જ ઘટેલી નજરે પડી હતી. ખાસ કરીને હાર્ટએટેકના પ્રથમ હુમલાની આવા દર્દીઓ પર કોઈ અસર થતી નથી. આ સંશોધન માયો ક્લીનિક પ્રોસેડિંગ્સ જર્નરલમાં પ્રકાશિત કરાયું છે.





૨૫/૧૦/૨૦૧૮,ગુરૂવારે સાંજે ૬:૦૦ કલાકે નડીઆદ રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં ૧ પર હૈદ્રાબાદ રાષ્ટ્રીય મહાઅધિવેશનમાંજતાં યુવા મોરચાના કાર્યકરોને નડીઆદ નું પ્રખ્યાત નવિનચંદ્ર ભાવસારનું ચવાણું તથા પાણી બોટલ વિતરણ કરાયું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાનાં મુખ્ય દંડક શ્રી પંકજભાઈ વી.દેસાઈ, જીલ્લા મહામંત્રી શ્રી દશરથભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ યુવા મોરચાનાં અધ્યક્ષ શ્રી ડૉ.ઋત્વીજભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખ પતિ શ્રી સંજયભાઇ એન.પટેલ,ઉપપ્રમુખ શ્રી પરીનભાઈ બ્રહ્મભટ્ટ, કારોબારી સમિતિ નાં ચેરમેન શ્રી મનીષભાઈ આર.દેસાઈ, નડીઆદ શહેર સંગઠન પ્રમુખ શ્રી વિકાસભાઈ શાહ,હોદ્દેદારો, કાર્યકર મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મોરબીમાં સરકારે ફાળવેલા છ પ્લોટ પચાવી પાડવાનો કારસો, આત્મવિલોપનની ચીમકી

નિયમ મુજબ બાંધકામ છતાં કનડગતથી પરેશાની

મોરબીમાં સરકારી આવાસ યોજના હેઠળ ફાળવેલા પ્લોટમાં લાભાર્થીઓ દ્વારા નિયમ મુજબ બાંધકામ કરવા છતાં રાજકીય વગ ધરાવનાર ઈસમો દ્વારા પ્લોટ પચાવી પાડવાનો કારસો રચવામાં આવી રહ્યો હોવાની અરજીથી ચકચાર મચી છે

મોરબી ઘાંચી પિંજારા જમાત દ્વારા જીલ્લા કલેકટરને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે પંડિત દીનદયાળ આવાસ યોજના મોરબીના ગરીબ લાભાર્થીઓને ઘરનું ઘર મળે તે માટે વજેપર ગામના સર્વે નં ૧૪૧૫ પૈકીની જગ્યામાં હાઈકોર્ટના આદેશ મુજબ પ્લોટની ફાળવણી કરવામાં આવેલ છે જે પૈકીના પ્લોટ નં ૩૮૧ થી ૩૮૬ ના લાભાર્થીને પ્લોટ ફાળવણી કરી છે અને નગરપાલિકા દ્વારા બાંધકામ કરવા માટેની મંજુરી આપવામાં આવી છે સમાજ કલ્યાણ ખાતા તરફથી બાંધકામ સહાય આપી છે અને પ્લોટ નં ૩૮૧ થી ૩૮૬ પ્લોટના લાભાર્થીઓ સરકાર તરફથી ફાળવેલ જગ્યાએ નગરપાલિકા દ્વારા મંજુર થયેલ નકશા મુજબ બાંધકામ કરી રહયા છે

પરંતુ રાજકીય વગ ધરાવતા બિલ્ડર દ્વારા ધાક ધમકી આપી બાંધકામ રોકવા માટેના પ્રયાસ થઇ રહ્યા છે અને મોરબી નગરપાલિકાના અધિકારી પોતાની સત્તાનો દુરુપયોગ કરી મદદગારી કરી રહ્યા હોવાના ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે અને અંતમાં લાભાર્થીઓના પ્લ્તોમાં થતા બાંધકામ રોકવાના પ્રયત્નોને પગલે યોગ્ય કાર્યવાહીની માંગ કરી છે અન્યથા ન્યાય નહિ મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન અને આત્મ વિલોપન કરવા સુધીની ચીમકી ઉચ્ચારી છે

અન્ય સ્થળે પ્લોટ માટે હુકમ કરાયો છે : ચીફ ઓફિસર

આ મામલે પાલિકાના ચીફ ઓફિસર ગીરીશભાઈ સરૈયા સાથે વાતચીત કરતા તેમને જણાવ્યું છે કે જમીન માપણી સર્વેમાં આ પ્લોટની જગ્યા ખાનગી માલિકીની હોય જેથી બાંધકામ અટકાવવા આદેશ આપ્યો છે છતાં બાંધકામ કરી રહ્યા છે તો કલેકટર દ્વારા યોગ્ય પગલા ભરીને અન્યત્ર પ્લોટ ફાળવાશે તેમ જણાવ્યું છે

છસરા ગામમાં બનેલ બનાવ બાદ ખોટી અફવાઓ ન ફેલાવી, અફવાઓથી દૂર રહેવું અને ભાઈચારો જાળવી રાખવા પશ્ચિમ કચ્છ પોલીસે જાહેર અપીલ

ભુજ : પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા જાહેર અપીલ કરવામાં આવે છે કે તાજેતરમાં મુન્દ્રા તાલુકાના છસરા ગામે બનેલ બનાવ સબ્બ હાલમાં અમુક અસામાજિક તત્વો દ્વારા બંને કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાવી પોતાના ફાયદા સારુ અમુક વોટ્સએપ તેમજ ફેસબુકના માધ્યમો દ્વારા થતી ખોટી અફવાઓ ફેલાવવામાં આવે છે એ ખૂબ જ ગંભીર બાબત છે અને આવી ખોટી અફવાઓથી ખોટું વૈમનસ્ય ઉભો ન થાય, શાંતિ અને ભાઈચારો જળવાઇ રહે તે માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે આવી રીતે સોશિયલ મીડિયા પર ખોટી અફવાઓથી તથા ખોટા ફોટા, વિડિયો કે ઓડિયો મેસેજ વાયરલ ન કરવા તેમ છતાં જો કોઈપણ અસામાજિક તત્વો દ્વારા આવી રીતે સોશિયલ મીડિયા પર અથવા અન્ય કોઈ પણ રીતે ખોટી અફવાઓ ફેલાવી ને ભયનું વાતાવરણ આવશે તો કચ્છ જિલ્લા પોલીસ દ્વારા તેના ઉપર કડક કાર્યવાહી કરવામાં આવશે અને આવી ખોટી અફવાઓથી પ્રેરાઈને કોઈપણ વ્યક્તિએ કાયદો હાથમાં લેશે તો તેની વિરુદ્ધ સખ્ત કાર્યવાહી કરવામાં આવશે.

Cyber Samvad
West Kachchh Police

આજરોજ ૧૨:૨૫ વાગે આરોપી કાર્તિક દેવકરણ ભરવાડ ગામ મોરથલા જિલ્લો સુરેન્દ્રનગર વાળાએ થોરડી ગામમાં ફટાકડાની દુકાનમાં લાગેલા વીડિયોને ×ચાર આહીર યુવાનોના મર્ડર બાદ આહીર સમાજે છસરા ગામ સળગાવી દીધુ અને બેના મર્ડર કર્યા મુન્દ્રા કચ્છમાં×આવા શીર્ષક હેઠળ વીડિયોનું સોશિયલ મીડિયામાં પ્રસારી કરી આહીર તથા અને કોમના વચ્ચેના લોકોમાં દુશ્મનાવટ ધિક્કારીની તેમજ દ્વેષ ની લાગણી ઉત્પન્ન કરાવી ભેય ગભરાટ પેદા કરી રાજ્યની શાંતિ જોખમાય તથા અંદરોઅંદર વૈમનસ્ય ફેલાય અને તેને કારણે કાયદો અને વ્યવસ્થા જોખમાય તેવું કૃત્ય કરેલ હોય તેના વિરુદ્ધમાં પોલીસ સ્ટેશનમાં કાયદેસરનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવેલ છે. આ જ રીતે આજરોજ અનવર બાપડા નામના આરોપીએ ફેસબુક પર કોમી વૈમનસ્ય ફેલાવતી પોસ્ટ કરી હતી તેના વિરુદ્ધમાં મુન્દ્રા પોલીસ સ્ટેશનમાં કાયદેસરનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવેલ છે.

ખોટી અફવા ફેલાવતા અસામાજિક તત્વો ઉપર સાયબર સેલ કચ્છની સતત દેખરેખ રાખવામાં આવી રહી. કરવામાં આવી છે

મોરબી જીલ્લાના ૧૭ પોલીસ કર્મચારીઓની આંતરિક બદલીના આદેશ

મોરબી જીલ્લા પોલીસવડાએ આજે જીલ્લાના વિવિધ પોલીસ મથકોમાં ફરજ બજાવતા ૧૭ પોલીસ કર્મચારીઓની બદલી કરવાના આદેશ આપ્યા છે અને જીલ્લામાં આંતરિક બદલી કરવામાં આવી છે

મોરબી જીલ્લા પોલીસવડા ડો. કરનરાજ વાઘેલાએ જીલ્લામાં ફરજ બજાવતા ૧૭ પોલીસ કર્મચારીઓની બદલી કરવામાં આવી છે જેમાં જયેન્દ્રસિંહ ઝાલા, જયેન્દ્રસિંહ જાડેજા, પ્રભાતભાઈ ચાવડા, પરશોતમભાઈ સોલંકી, મુકેશભાઈ જોગરાજિયા, પ્રવીણભાઈ ચદ્રાલા, અશ્વિનભાઈ ચાવડા, સુરેશકુમાર સાપરા, રણધીરભા ઝાલા, મહેન્દ્રસિંહ ચુડાસમા, દર્શનાં પાધડાળ, જયેશકુમાર ચાવડા, ભારતીબેન કુરિયા, અલીઅકબર ભોરણીયા, કમલેશ પરમાર, હેતલબેન વિન્ઝુંડા અને રસિકભાઈ બોરીચાની બદલી કરવામાં આવી છે

આર.આર.સેલની ટીમે જુના હડમતીયા રોડ દરોડો કર્યો, જુગાર રમતા ચાર ઝડપાયા, ૨ નાસી છુટ્યા

ટંકારા તાલુકાના જુના હડમતીયા રોડ પર આવેલ કસુન્દ્રો નદીના પટમાં જાહેરમાં જુગાર રમતા ચાર પત્તાપ્રેમીઓને ૭૧ હજારથી વધુના મુદામાલ સાથે આર.આર.સેલની ઝડપી પાડ્યા હતા તો બે નાશી છુટ્યા હતા.

ટંકારાના જુના હડમતીયા રોડ પર આવેલ કસુન્દ્રો નદીના પટમાં જાહેરમાં જુગાર રમતા નવધણ બચુંભાઈ ડાભી, કાળુંભાઈ બાબુભાઈ મકવાણા, કાળુભાઈ જેરામભાઈ સાલાણી અને રાહુલ દલપતરામભાઈ હંતેસરિયાને રોકડ રકમ ૮૩૦૦, મોબાઈલ નંગ -૪ કીમત રૂ. ૩૫૦૦ તથા મોટર સાઇકલ નંગ-૨ કીમત ૬૦૦૦૦ કુલ મુદામાલ ૭૧૮૦૦ સાથે આર.આર.સેલની ટીમે ઝડપી પાડ્યા હતા તો જીગ્નેશ ધીરુભાઈ બાબરિયા અને પરેશ વશરામ દેગામાં નાશી છુટ્યા હતા.આર.આર.સેલની ટીમે બંને પત્તાપ્રેમીઓને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

કેવડિયા વિસ્તારમાં રોજના ૧૫ હજાર પ્રવાસી આવવાના ત્યારે CNG પેટ્રોલ પંપ શરૂ કરવા માંગ

કેવડિયા થી ડભોઇ અને ઉમલ્લા ૭૦ કિમિ દૂર આવેલા આ CNG પમ્પો હોય ગરુડેશ્વર શરૂ થાય એવી માંગ વધી

રાજપીપળા: સરદાર નર્મદા બંધ અનેચ્યુ ઓફ યુનિટી ને લઈને આજે કેવડિયા એ વિશ્વનું મોટું પ્રવાસન સ્થળ બનવા જઈ રહ્યું છે ત્યારે જિલ્લામાં એક પણ ઝદ્વ્ય ગેસ પમ્પ નથી, જેથી અહીયા આવતા હજારો પ્રવાસીઓ આટવાય છે. આટલું મોટું ટુરિસ્ટ પોઇન્ટ હોય ગેસ પમ્પ હશે, તેમ સમજીને પ્રવાસીઓ ફરવા આવી જાય છે. ત્યારે અટવાય છે અને ક્યારેક ગાડીઓ ખેંચીને લઇ જવાનો વારો આવે છે, જેથી પ્રવાસીઓ ને માટે પેટ્રોલિયમ કંપનીઓએ ઝદ્વ્ય ગેસ પમ્પ આપવા જોઈએ.

આ બાબતે ભાવનગર ના શીલાબેન રામી એ જણાવ્યું હતું કે અમે સવારે ડેમ સાઈટ ફરવા આવ્યા ત્યારે ગેસ પુરાઈને આવ્યા હતા પરંતુ અમારે પરત ફરવા ફરી ગેસ પુરાવવા ની જરૂર પડી પરંતુ અહીયા ૭૦ કિમિ ના અંતરે ગેસ પમ્પ છે ત્યારે હવે આટલા મોટા સ્થળ પર એકાદ તો ગેસ પમ્પ હોવું જોઈએ. આ બાબતે એક પેટ્રોલ પમ્પ ધારક ગજેન્દ્રસિંહ સુરતીયા એ જણાવ્યું હતું કે અમારેગરુડેશ્વર ખાતે પેટ્રોલ પમ્પ છે અને ગ્રાહકો ની એકજ ફરિયાદ છે કે ઝદ્વ્ય ગેસ પમ્પ હોય જોકે અમારી પાસે જગ્યા પણ છે અને વ્યવસ્થા પણ જો સરકાર મંજૂરી આપે તો અમે ચોક્કસ ચાલુ કરી દઈએ અમે તૈયાર છે. અને ખરેખર આખા નર્મદા જિલ્લામાં ક્યાંય નથી.એટલે ગરુડેશ્વર માં પેટ્રોલપમ્પ હોય તો પ્રવાસીઓ ને ઘણી રાહત થાય.

દહેજ - ઘોઘા રોરો ફેરીને નડ્યું વધુ એક ગ્રહણ: શીપની ડક બોટ ઉંધી વળતાં ૭ ડૂબ્યા, ૧ લાપતા

શીપ સાથે રહેલી ડક બોટ(સેફ્ટી બોટ) મધ દરિયે શીપમાંથી છૂટી જતાં પાણીમાં પલટી ગઈ હતી.



દહેજ-ઘોઘા રોરો ફેરીના સફળ પરિક્ષણ બાદ આગામી ૨૭ ઓક્ટોબરનાં રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણીનાં હસ્તે ઘોઘાથી તેનું ફરીથી ઉદઘાટન થવાનું હતું. જોકે તેમાં વધુ એક વિઘ્ન આવ્યું છે. જેમાં શીપ સાથે રહેલી ડક બોટ આજે દરિયામાં અચાનક શીપથી છૂટી પડી જતાં દરિયાનાં પાણીમાં ઉંધી વળી ગઈ હતી. આ બોટમાં ૭ લોકો સવાર હતા. જેમાંથી ૬ લોકોને બચાવી લેવાયા છે. પરંતુ હજી પણ એક કર્મચારી લાપતા છે. જેની મરિન પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

દહેજ ઘોઘા રોરો ફેરી સર્વિસ આજે ફરી એક વખત વિઘ્નમાં પડી છે. આ રોરો ફેરીમાં વાહનો પણ લઈ જઈ શકાય તેવું વિશાળ જહાજ સામેલ કરવામાં આવ્યું છે. આ શીપનું મુખ્યમંત્રી વિજય રૂપાણી અગાઉ ૧૨ ઓક્ટબરનાં રોજ દહેજથી ઉદ્ઘાટન કરાવવાના હતા. જેમાં વિઘ્ન આવતાં કાર્યક્રમ મોકૂફ રહ્યો હતો. બાદમાં ઉદ્ઘઘાટનની તારીખ અને સ્થળ બન્ને બદલીને આગામી ૨૭ ઓક્ટોબરે ભાવનગરનાં ઘોઘા ખાતેથી આ ફેરીનું ઉદ્ઘાટન થવાનું હતું. જેમાં પણ આજે ફરીથી વઘ્ન આવ્યું છે. ઘોઘાથી દહેજ તરફ પરિક્ષણનાં ભાગરૂપે આવી રહેલા શીપ સાથે રહેલી ડક બોટ(સેફ્ટી બોટ) દરિયામાં છુટી પડી જતાં તેમાં પલટી ખાઈ ગઈ હતી. જેમાં ૭ લોકો સવાર હતા. ૬ લોકોને રેસ્ક્યુ કરી લેવાયા છે. પરંતુ હજી પણ એક વ્યક્તિ ગૂમ હોવાથી તેની શોધખોળ ચાલી રહી છે.

મોટાસુકા આંબા ગામે મારામારીના કેસમાં બે વર્ષની સજા ફટકારતી સેસન્સ કોર્ટ

ઘરના વાડામાં ઘર બનાવવાની બાબતે પિતા પુત્ર એ હુમલો કર્યો હતો

રાજપીપળા: મોટાસુકા આંબા ગામે ઘરના વાડામાં ઘર બનાવવાની બાબતે પિતા પુત્ર એ પરીવાર ના યુવાન પર લોખંડ ની પાઇપ વડે હુમલો કર્યો હતો, આ મારામારીના કેશમાં બે વર્ષની સજા સેસન્સ કોર્ટે ફટકારી છે.

નર્મદા જિલ્લા ના મોટા સૂકા આંબા ગામે રહેતા નટવર સોમા વસાવા, સોમા વેસ્તા, તેમનાજ કુટુંબીજન એવા અમરસીંગ વસાવા પોતાનું ઘર બંધાતા હતા ત્યારે આ બાપ દીકરો અમારા વાડામાં ઘર કેમ બાંધે છે, તેમ કહી મારામારી કરી અને જેમાં નટવર વસાવા એ લોખંડની પાઇપ લઈ પગના ભાગે માર મારી બંને પગે ફેક્ચર કરી નાખ્યું હતું જેમાં ગંભીર ઈજાઓ થતા તેની પત્ની સોમીબેને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી જે બાબતે પોલીસે ફરિયાદ નોંધી બંને બાપ દીકરા એટલેકે નટવર સોમા વસાવા, અને સોમા વેસ્તા વસાવા બંનેની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજુ કરતા રાજપીપલા ની સેસન્સ કોર્ટ માં આ કેશ ચાલ્યો જેમાં વકીલ જીતેન્દ્રસિંહ ગોહિલે ધારદાર દલીલો કરતા સેસન્સ જજ જે.પી ગઢવી એ નટવર વસાવા ને ૨ વર્ષ ની સજા અને ૨ હજાર દંડ ફટકાર્યો છે

સરદાર સાહેબના રાષ્ટ્રની એકતા અખંડિતતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવા રાજ્યમાં આરંભાયેલ એકતાયાત્રાને વ્યાપક જનપ્રતિસાદ

એકતા રથયાત્રાના છઠ્ઠા દિવસે એકતા રથનું ૫૪૨ ગામમાં પરિભ્રમણ : ૧,૨૨,૦૦૦ થી વધુ લોકો જોડાયા

સ્ટેચ્યુ ઓફ યુનિટી અંતર્ગત સરદાર સાહેબના એકતા અખંડિતતાના રાષ્ટ્ર ચેતના ભાવને જનજન સુધી પહોંચાડવા માટે મુખ્યસમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરણાથી રાજયભરમાં આરંભાયેલી સરદાર વલ્લભભાઇ પટેલની જીવનની ઝાંખી કરાવતી એકતા યાત્રાને રાજયભરમાં વ્યાપક જનપ્રતિસાદ સાંપડ્યો છે.

આજે દિવસ દરમિયાન રાજયના વિવિધ ૫૪૨ ગામ અને મહાનગરપાલિકાના ૬ વોર્ડમાં એકતા રથયાત્રાનું પરિભ્રમણ થયું હતું જેમાં ૧,૨૨,૨૧૦ લોકો ઉત્સાહભેર જોડાયા. એકતા યાત્રા સાથોસાથ ગામો-નગરોમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ-સમાજ એકતા કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. એકતાયાત્રાને આજે છઠ્ઠા દિવસે વિવિધ જિલ્લાઓના ગામો-શહેરોમાં અનેરો પ્રતિસાદ મળ્યો હતો. જેમાં મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને મેયરશ્રી સહિત પદાધિકારીઓ-અગ્રણીઓએ વિવિધ ગામોમાંથી રથનું સ્વાગત તેમજ પ્રસ્થાન કરાવ્યું હતું.

અખંડ ભારતના શિલ્પીહ મહામાનવ સરદાર વલ્લધભભાઇ પટેલની વિશ્વભરમાં સૌથી ઉંચી વિરાટ પ્રતિમાનું તેમની જન્મ જયંતિ અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઇ મોદીના કર કમલો દ્વારા રાષ્ટ્ર ને અર્પણ થનાર છે. આ સ્ટેચ્યું ઓફ યુનિટીના લોકાર્પણ પૂર્વે રાજયભરમાં ૧૦ હજાર ગામોમાં એકતા-અખંડિતતાનો સંદેશ એકતા રથ દ્વારા પહોચાડવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત છેવાડાના વિસ્તાવર સુધી સરદાર પટેલના જીવન સંદેશાને પહોંચાડવામાં આવશે. ગામેગામ વિશાળ જનસમુદાય ઉત્સાાહભેર ભાગ લઇ સરદાર સાહેબના જીવનમાંથી પ્રેરિત થઇ અને દેશનું ગૌરવ વધારવા થપથ લઇ રહ્યા છે.

રાષ્ટ્રની એકતા, અખંડિતતાના શિલ્પી સરદાર પટેલના એકતાના સંદેશા સાથેની આ યાત્રાના પ્રથમ તબક્કાના પહેલા છ દિવસમાં જ ૬૩ એકતા રથનું કુલ ૩૪૯૭ ગામો અને મહાનગરપાલિકાના કુલ ૫૫ વોર્ડોમાં ભ્રમણ કરાયું હતું. આ એકતા યાત્રામાં અત્યાર સુધીમાં કુલ ૯ લાખ ૯૧ હજાર ૩૭૫ નાગરિકો-ગ્રામજનો ઉત્સાહપૂર્વક જોડાઇને એકતાના સમૂહ શપથ લીધા હતા.